For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

રાજ્ય કક્ષાની 'વિશ્વામિત્રી-ઢાઢર વોટરશેડ ઓથોરિટી' રચવા અને નિષ્ણાતોની કાયમી નિમણૂક કરવા સમિતિની ભલામણ

# ગટરના 38 આઉટફોલ્સ-કાટમાળનો ખડકલો

## વિશ્વામિત્રીના ગૂંગળામણથી વડોદરા પર પૂરનું જોખમ : આયોગની સમિતિનો સનસનીખેજ ખુલાસો

( પ્રતિનિધિ ) વડોદરા,તા.16
ગુજરાત સ્ટેટ હ્યુમન રાઈટ્સ કમિશન (GSHRC) દ્વારા નિમવામાં આવેલી વિશ્વામિત્રી સમિતિએ તેના ચોથા અહેવાલમાં વડોદરા શહેર માટે એક ગંભીર ચેતવણી જારી કરી છે. અહેવાલના તારણો મુજબ, જો નદીના પૂરના મેદાનો અને કાંસ (કુદરતી વહેણ)માં કરવામાં આવેલા દબાણો અને કચરાના ગંજ દૂર કરવામાં નહીં આવે, તો આવનારા ચોમાસામાં વડોદરાને ૨૦૨૪ કરતા પણ ભયાનક પૂરનો સામનો કરવો પડી શકે છે.

### પૂર માટે જવાબદાર મુખ્ય પાંચ પરિબળો (રિપોર્ટના આધારે)


**૧. કાંસનું નેટવર્ક ખોરવાયું**
સમિતિએ ડ્રોન સર્વેક્ષણ દ્વારા મકરપુરા, જાંબુઆ અને વડસર વિસ્તારના કાંસનું નિરીક્ષણ કર્યું હતું. આ સર્વેમાં જાણવા મળ્યું છે કે અનેક ઠેકાણે કાંસને પૂરી દેવામાં આવી છે અથવા તેના વહેણને સાંકડું કરી દેવાયું છે. પરિણામે, વરસાદી પાણી નદી સુધી પહોંચવાને બદલે રહેણાંક વિસ્તારોમાં ભરાઈ જાય છે.

**૨. નદીના પેટાળમાં કચરાનું સામ્રાજ્ય**
અહેવાલ મુજબ, વડોદરાના વિવિધ વિસ્તારોમાંથી નીકળતો બાંધકામનો કાટમાળ (C&D Waste) રાતોરાત નદીના પટમાં ઠાલવવામાં આવે છે. આ કચરાને કારણે નદીની ઊંડાઈ ઘટી ગઈ છે અને પાણીની સંગ્રહ ક્ષમતામાં મોટો ઘટાડો થયો છે.

**૩. સીવેજ અને પ્રદૂષણનું ઝેર**
નવેમ્બર-ડિસેમ્બર ૨૦૨૫માં કરવામાં આવેલા એસટીપી (STP) પ્લાન્ટ્સના નિરીક્ષણમાં બહાર આવ્યું છે કે ઘણા પ્લાન્ટ્સ તેમની પૂર્ણ ક્ષમતાથી ચાલતા નથી, જેના કારણે શુદ્ધ કર્યા વગરનું ગંદુ પાણી સીધું નદીમાં જાય છે. આ ગંદકી નદીના ઇકો-સિસ્ટમને ખતમ કરી રહી છે.

**૪. ભૂખી કાંસ અને પૂરના મેદાનોનું દબાણ**
ભૂખી કાંસ જેવા મહત્વના વહેણોમાં થયેલા બાંધકામો પૂરના પાણીના નિકાલમાં સૌથી મોટો અવરોધ છે. સમિતિએ આ વિસ્તારોમાં તાત્કાલિક દબાણ હટાવવાની ભલામણ કરી છે.

**૫. ઉપરવાસના ચેકડેમની સ્થિતિ**
નદીના ઉપરવાસમાં આવેલા ચેકડેમોના દરવાજા અને તેના જાળવણીના અભાવે પૂરના સમયે પાણીના વેગને નિયંત્રિત કરી શકાતો નથી.
સમિતિની કડક ભલામણો અને એક્શન પ્લાન




### શું કહે છે રિપોર્ટ?

- 38 ગટરના જોડાણો: વડોદરામાં વિશ્વામિત્રી નદીમાં સીધા જ 38 સ્થળોએ ગટરનું પાણી ઠાલવવામાં આવે છે.
- રસ્તાની ઊંચાઈ: ટોપોગ્રાફિક અભ્યાસ વગર રસ્તાઓની ઊંચાઈ વધારવાથી જળબંબાકારની સમસ્યા વધે છે, જે હવે અટકાવવી જોઈએ.
- દબાણો હટાવો: નદીના પૂરના મેદાનોમાં થયેલા ગેરકાયદેસર બાંધકામો દૂર કરવા NGTના આદેશનું કડક પાલન કરવું.
- મગર માટે જોખમ: ભારે મશીનરીથી થતા કાંપ નિકાલને કારણે વન્યજીવો પર પડતા તણાવનો વૈજ્ઞાનિક અભ્યાસ જરૂરી છે.

### વડોદરા માટે લાલબત્તી" સમિતિએ ચેતવણી આપી છે કે

જો વિશ્વામિત્રીના કુદરતી 'સ્પંજ' (પૂરના મેદાનો જે પાણી સોસે છે) ને બચાવવામાં નહીં આવે, તો સામાન્ય વરસાદમાં પણ પાણી શહેરમાં ઘૂસી જશે.

આઝાદ મેદાન, સયાજીબાગ અને નદી કિનારાના નીચાણવાળા વિસ્તારોમાં જમીનનું ધોવાણ વધવાથી ઇમારતોના પાયા જોખમાઈ શકે છે.

મગરો અને જંગલી જીવોના રહેઠાણ છીનવાતા તેઓ રહેણાંક વિસ્તારોમાં વધુ સંખ્યામાં જોવા મળશે, જે માનવ-વન્યજીવ સંઘર્ષ વધારશે.

ગુજરાત રાજ્ય માનવ અધિકાર આયોગની આ સમિતિએ સ્પષ્ટ શબ્દોમાં કહ્યું છે કે વડોદરાના નાગરિકોને પૂરમુક્ત વાતાવરણ અને સ્વચ્છ નદી આપવી એ તંત્રની નૈતિક અને કાયદાકીય જવાબદારી છે. અહેવાલમાં વહીવટી તંત્રની નિષ્ક્રિયતા સામે નારાજગી વ્યક્ત કરવામાં આવી છે અને આગામી સુનાવણી પહેલા અમલીકરણનો રિપોર્ટ માંગ્યો છે.

**ગટરના 38 આઉટફોલ્સ અને કાટમાળનો ખડકલો: વિશ્વામિત્રીને પ્રદૂષણમુક્ત કરવામાં તંત્ર નિષ્ફળ?**

**રાજ્ય કક્ષાની 'વિશ્વામિત્રી-ઢાઢર વોટરશેડ ઓથોરિટી' રચવા અને નિષ્ણાતોની કાયમી નિમણૂક કરવા સમિતિની ભલામણ**

| વિભાગ જરૂરી તાકીદના પગલાં | |
|---|---|
| | VMC (કોર્પોરેશન) નદીના પૂરના મેદાનોમાં પડેલ કચરાના જથ્થાનો સચોટ અંદાજ કાઢી તેને ૧૦૦ દિવસમાં હટાવવો. |
| | વન વિભાગ મગરોના સંરક્ષણ માટે 'ક્રોકોડાઈલ પ્રોટેક્શન ઝોન' જાહેર કરવો અને મૃત્યુના કારણોની તપાસ કરવી. |
| | સિંચાઈ વિભાગ નદીની આસપાસની જમીનનું સીમાંકન (Demarcation) કરી પૂર રેખા નક્કી કરવી. |
| | પોલીસ/તંત્ર નદીના પટમાં કચરો નાખનારાઓ વિરુદ્ધ ફોજદારી ગુનો દાખલ કરી કડક દંડ વસૂલવો. |

BCAની ચૂંટણી: હાઈકોર્ટનો ચુકાદો બે અરજદારોની અરજી ગ્રાહ્ય રખાઇ

# કિરણ મોરે, અમર પેટીવાલા, અમુલ જીકાર અને અનંત ઈન્દુલકર ચૂંટણી લડવા અયોગ્ય

ચાર સભ્યોને બાદ કરતાં બાકીનું ચૂંટણી પરિણામ જાહેર કરવા સૂચના

( પ્રતિનિધિ ) વડોદરા,તા.16
બીસીએ ની ચૂંટણી યોજાયા બાદ પરિણામ જાહેર થવા પર બ્રેક લાગી હતી, તેવામાં આજે હાઈકોર્ટે મહત્વનો ચુકાદો આપી દીધો હતો. કિરણ મોરે, અમુલ જીકાર,અમર પેટીવાલા અને અનંત ઈન્દુલકરને ચૂંટણી લડવા યોગ્ય જાહેર કરાયા છે અને ચારેય ઉમેદવારોના નોમિનેશન ફોર્મ સ્વીકારવાનો નિર્ણય રદ કરવામાં આવ્યો છે અંતે વડોદરાના બે અરજદારોની અરજી હાઈકોર્ટે ગ્રાહ્ય રાખી હતી.
ગુજરાત હાઈકોર્ટે બરોડા ક્રિકેટ એસોસિએશનની ચૂંટણીમાં કિરણ મોરે સહિત ચાર ઉમેદવારોની અયોગ્યતા પર વિવાદ વચ્ચે મતદાનને મંજૂરી આપી હતી. પરંતુ પરિણામો જાહેર કરવા પર અસ્થાયી પ્રતિબંધ મૂક્યો હતો. બીસીએની ફેબ્રુઆરીમાં યોજાયેલી ચૂંટણીમાં પૂર્વ ક્રિકેટર કિરણ મોરે (પ્રમુખ પદ), અમુલ જીકાર, અનંત ઈન્દુલકર અને અમર પેટીવાલાની ઉમેદવારી પર બે અરજદારોએ વાંધો ઉઠાવ્યો હતો. અરજદારો પ્રદીપસિંહ સોલંકી અને રામચંદ્ર પ્રજાપતિએ ચૂંટણી અધિકારીને આ ઉમેદવારોને અયોગ્ય જાહેર કરવાની માંગ કરી હતી. જસ્ટિસ નિરલ મેહતાએ 13 ફેબ્રુઆરીએ 15 ફેબ્રુઆરીના મતદાનને લીલી ઝંડી આપી, પણ પરિણામો કોર્ટની પૂર્વમંજૂરી વિના જાહેર ન કરવા અને બેલેટ પેપર સુરક્ષિત રાખવાના આદેશ આપ્યા હતા. બાદમા 5 માર્ચે આગળની સુનાવણી રાખવામા આવી હતી. જોકે તે બાદ આજે 16 માર્ચને અંતિમ નિર્ણય માટે નિશ્ચિત કરાયો હતો. ત્યારે અંતે હાઈકોર્ટે બરોડા ક્રિકેટ એસોસિએશનની ચૂંટણી સંદર્ભે ચુકાદો આપ્યો હતો. જેમાં કિરણ મોરે, અમુલ જીકાર, અમર પેટીવાલા અને અનંત ઈન્દુલકરને ચૂંટણી લડવા યોગ્ય જાહેર કરાયા છે. આ ચારેય ઉમેદવારોના નોમિનેશન ફોર્મ સ્વીકારવાનો નિર્ણય રદ કરવામાં આવ્યો છે સાથે જ વડોદરાના બે અરજદારોની અરજી હાઈકોર્ટ ગ્રાહ્ય રાખી હતી. ચાર સભ્યોને બાદ કરતાં બાકીનું ચૂંટણી પરિણામ જાહેર કરવા સૂચના આપવામાં આવી છે, સાથે સાથે બે સપ્તાહ સુધી વચગાળાની વ્યવસ્થા યથાવત રાખવા પણ હાઈકોર્ટે આદેશ આપ્યા હતા.

ગેસ કનેક્શન માટે હવે લાંબો ઈન્તઝાર નહીં!

# વડોદરામાં રોજના 500 ફોર્મ ક્લિયર કરવાનો ટાર્ગેટ રખાયો

(પ્રતિનિધિ), વડોદરા. તા.16
શહેરમાં પાઈપ્ડ નેચરલ ગેસ મેળવવા માટે નાગરિકોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. વડોદરા ગેસ વિભાગમાં છેલ્લા કેટલાક સમયથી અરજીઓનો ધસારો વધતા, વહીવટી તંત્ર દ્વારા કામગીરીને વેગ આપવા માટે મહત્વના નિર્ણયો લેવામાં આવ્યા છે. વડોદરા ગેસ વિભાગના HOD ગોહિલના જણાવ્યા અનુસાર, હવે રોજની 300 થી 500 અરજીઓના ઝડપી નિકાલ માટે ખાસ ટીમો બનાવવામાં આવી છે. છેલ્લા એક સપ્તાહમાં જ ગેસ વિભાગમાં 400 જેટલી નવી અરજીઓ પ્રાપ્ત થઈ છે, જ્યારે 1500થી વધુ લોકો ગેસ કનેક્શન માટેના ફોર્મ લઈ ગયા છે. વર્ષ 2024થી અત્યાર સુધીમાં અંદાજે 5000 જેટલી અરજીઓ પેન્ડિંગ છે, જેને ધ્યાનમાં રાખીને વડોદરા ગેસ વિભાગ આ બાકી રહેલી કામગીરીને યુદ્ધના ધોરણે પૂર્ણ કરવાનો લક્ષ્યાંક રાખ્યો છે. માત્ર ઘરેલું જ નહીં, પરંતુ કોમર્શિયલ સેક્ટરમાં પણ ગેસ કનેક્શનની માંગ બમણી થઈ છે. સામાન્ય રીતે દર મહિને 8 થી 10 કોમર્શિયલ અરજીઓ આવતી હોય છે, જેની સામે



આ મહિને અત્યાર સુધીમાં 16 જેટલી અરજીઓ નોંધાઈ છે. પાલિકા દ્વારા કોમર્શિયલ કેટેગરીમાં સામાજિક જવાબદારીને પ્રાધાન્ય આપવામાં આવ્યું છે. જે અંતર્ગત અમુક સંસ્થાઓને પ્રાથમિકતા આપવામાં આવશે જેમાં હોસ્પિટલો, સેવાભાવી સંસ્થાઓ, શાળાઓ ને પ્રાથમિકતા આપશે."નાગરિકોને પડતી હાલાકી દૂર કરવા અને ગેસ કનેક્શનની પ્રક્રિયાને વધુ પારદર્શક અને ઝડપી બનાવવા માટે તંત્ર કટિબદ્ધ છે. પેન્ડિંગ અરજીઓનો નિકાલ આગામી દિવસોમાં ઝડપથી કરવામાં આવશે."

રહીશોને અંધારામાં રાખતી ઇન્દ્રપુરી જીઈબી કચેરી સામે રોષ

# ખટંબા અર્બન રેસિડેન્સીના રહીશોના બીલ ભરાવા છતાં વીજળી કપાતા રોષ

(પ્રતિનિધિ), વડોદરા. તા.16
વડોદરાના વાઘોડિયા રોડ પર વૈકુંઠ પાસે આવેલી અર્બન રેસિડેન્સી, ખટંબાના રહીશો હાલ મધ્ય ગુજરાત વીજ કંપની (MGVCL) ની કથિત દાદાગીરીથી ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. સોસાયટીના રહીશોએ જણાવ્યું હતું કે, માર્ચ મહિનાનું બિલ 5મી તારીખે ભરાઈ ગયું હોવા છતાં બે દિવસ પહેલાં વીજ કંપનીના માણસોએ મીટર કાપી નાખ્યું હતું. રહીશોએ આક્ષેપ કર્યો છે કે ઈન્દ્રપુરી કચેરીના જવાબદાર અધિકારીઓ (ડી.ઈ. મેડમ) લોકોના ફોન ઉપાડતા નથી અને જો રૂબરૂ મળવા જઈએ તો દાદાગીરીભર્યું વર્તન કરવામાં આવે છે. રહીશોના જણાવ્યા મુજબ, જૂના મીટર કાઢીને પરાણે સ્માર્ટ મીટર નાખવા માટે આ પ્રકારની હેરાનગતિ કરવામાં આવી રહી છે. એક કિસ્સામાં તો 12 માર્ચે કપાયેલા મીટર પર 13 માર્ચની તારીખ લખેલી જોવા મળી હતી, જે વીજ કંપનીની ગંભીર બેદરકારી સૂચવે છે. પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ બનેલી આ સોસાયટીના 1286 પરિવારો અન્ય સમસ્યાઓથી પણ ઝઝૂમી રહ્યા છે. રહીશોના જણાવ્યા મુજબ, છેલ્લા બે વર્ષથી અહીં વોલ્ટેજમાં ભારે વધ-ઘટ (ફ્લક્ચ્યુએશન) થાય છે, જેના કારણે પાણીની મોટરો વારંવાર બળી જાય છે. સોસાયટીના અગ્રણી નીરવ પાઠકે જણાવ્યું હતું કે, વીજ કંપનીના કર્મચારીઓ એટલી હદે નિર્દયી બન્યા છે કે ઘરમાં 10 મહિનાનું નાનું બાળક હોય કે બીમાર વ્યક્તિ, તેની પરવા કર્યા વગર મોડી રાત્રે કનેક્શન કાપી નાખે છે.

**ઉચ્ચ અધિકારીઓના આદેશનો અમલ કર્યો : કર્મચારીઓ**

"બિલ બાકી હોવાથી ઉપરના આદેશ મુજબ કાર્યવાહી કરાઈ" આ સમગ્ર મામલે જ્યારે ઇન્દ્રપુરી MGVCL કચેરીના લેન્ડલાઈન નંબર (0265-2560066) પર સંપર્ક સાધી સત્ય હકીકત જાણવાનો પ્રયાસ કરવામાં આવ્યો, ત્યારે ફોન ઉઠાવનાર કર્મચારીએ તંત્રનો બચાવ કરતા જણાવ્યું હતું કે, "હાલમાં કચેરી દ્વારા 'ડીસી ડ્રાઈવ' ચાલી રહી છે. જે ગ્રાહકોના વીજ બિલ લાંબા સમયથી બાકી હતા, તેઓના જ મીટર કાઢી લેવાની કાર્યવાહી કરવામાં આવી છે. આ કામગીરી કોઈ વ્યક્તિગત કિન્નાખોરીમાં નહીં, પરંતુ ઉચ્ચ અધિકારીઓના સીધા આદેશ અને સૂચના મુજબ જ કરવામાં આવી છે." જોકે, બિલ ભરી દીધા હોવા છતાં મીટર કેમ કપાયા તે પ્રશ્ને તંત્ર પાસે કોઈ સ્પષ્ટ જવાબ નહોતો.

કબૂતરનું ઇંડુ બતાવવાના બહાને સૃષ્ટી વિરુદ્ધનું કૃત્ય આચર્યું

# બાળક સાથે દુષ્કર્મ આચરનાર આરોપીને 20 વર્ષની સખત કેદ

(પ્રતિનિધિ), વડોદરા. તા.16
વડોદરા શહેરના આજવા રોડ વિસ્તારમાં વર્ષ 2022 દરમિયાન સગીર બાળક સાથે સૃષ્ટિ વિરુદ્ધ કૃત્ય કરવામાં આવ્યું હતું. ત્યારે પ્રફુલ ઉર્ફે કાળીયા સોલંકી નામનો આરોપી છેલ્લા લગભગ સાત વર્ષના માસુમ બાળકને કબુતર નું ઈંડું બતાવવાના બહાને તેના ઘરમાં લઈ ગયો હતો અને બળજબરીપૂર્વક આરોપીએ બાળકને ઘરમાં એકલો જોઈ તેની સાથે સૃષ્ટિ વિરુદ્ધનું કૃત્ય કર્યું હતું. ઘટના બાદ ડરી ગયેલો માસુમ બાળક ગભરાઈ ગયો હતો અને જેમ તેમ કરીને આરોપીના કબજામાંથી છૂટીને પોતાના ઘરે દોડી ગયો હતો. આ કેસ ફાસ્ટ ટ્રેક સ્પેશિયલ કોર્ટમાં ચાલી જતાં તમામ દલીલો સાંભળ્યા બાદ મેજિસ્ટ્રેટે આરોપીને કસૂરવાર ઠેરવી 20 વર્ષની સખત કેદ અને રૂા. 10 હજારનો દંડ કર્યો હતો.
પરિવારના સભ્યો ઘરે આવ્યા ત્યારે બાળકે સમગ્ર હકીકત જણાવી હતી. ત્યારે પરિવારના પગ નીચેથી જમીન પણ સરકી ગઈ હતી બનાવની ગંભીરતા સમજી પરિવારજનોએ તરત જ પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.
ફરિયાદના આધારે પોલીસે આરોપી પ્રફુલ સોલંકીની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. આ સમગ્ર કેસની સુનાવણી વડોદરાની ફાસ્ટ ટ્રેક સ્પેશિયલ કોર્ટ (પોક્સો)માં ચાલી હતી. સુનાવણી દરમિયાન રજૂ થયેલા આધાર પુરાવા અને સરકારી વકીલની દલીલોને ધ્યાનમાં રાખીને મેજિસ્ટ્રેટે આરોપી પ્રફુલ ઉર્ફે કાળીયા અશોક સોલંકીને કસૂરવાર ઠેરવી 20 વર્ષની સખત કેદની સજા તેમજ રૂપિયા 10 હજારનો દંડ ફટકારતાં સમગ્ર કોર્ટ પરિસરમાં સન્નાટો વ્યાપી ગયો હતો.

ગેસ સિલિન્ડર બ્લાસ્ટ થતા 5 લોકો દાઝ્યા

# કોયલીમાં વરસીના પ્રસંગે ભજન દરમિયાન ભીષણ આગ, દોડધામ

(પ્રતિનિધિ), વડોદરા. તા.16
કોયલી ચરા વિસ્તારમાં આજે એક હૃદયદ્રાવક ઘટના બની હતી, જેમાં એક કાચા મકાનમાં ભીષણ આગ લાગતા અફરાતફરી મચી ગઈ હતી. ભજનના કાર્યક્રમ દરમિયાન રસોઈ બનાવતી વખતે અચાનક લાગેલી આગે વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું હતું, જેમાં ગેસ સિલિન્ડર ફાટતા આશરે પાંચ જેટલા લોકો ગંભીર રીતે દાઝી ગયા હોવાના અહેવાલ સાંપડ્યા છે. પ્રાપ્ત વિગતો અનુસાર, કોયલી ચરા વિસ્તારમાં આવેલા એક કાચા મકાનમાં પરિવારના એક સભ્યના મૃત્યુ બાદ તેમની વરસી નિમિત્તે ભજનના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રસંગ હોવાથી મહેમાનો માટે રસોઈ બનાવવાની કામગીરી ચાલતી હતી. આ દરમિયાન ગેસના ચૂલા પર ભજીયા તળવા માટે તેલ ગરમ કરવા મૂકવામાં આવ્યું હતું. જેમાં આગની જ્વાળાઓ ભભૂકી ઉઠી હતી. જોતજોતામાં આગે આખા મકાનને લપેટમાં લઈ લીધું હતું. આગ એટલી ઝડપથી ફેલાઈ કે ઘરમાં રહેલો ગેસ સિલિન્ડર પણ તેની ઝપેટમાં આવી ગયો અને જોરદાર ધડાકા સાથે બ્લાસ્ટ થયો હતો. આ બ્લાસ્ટને કારણે



ત્યાં હાજર પાંચ જેટલા લોકો ગંભીર રીતે દાઝી ગયા હતા.આગની જાણ થતા જ કોયલી ગામના સરપંચ અને સામાજિક આગેવાનો સ્થળ પર દોડી આવ્યા હતા. જવાહરનગર પોલીસની ટીમ પણ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. વડોદરા ફાયર બ્રિગેડને જાણ કરવામાં આવતા ફાયર ફાઈટરોની ટીમે સ્થળ પર પહોંચી પાણીનો મારો ચલાવી આગ પર કાબૂ મેળવ્યો હતો, જેના કારણે વધુ જાનહાનિ અટકી હતી. આ દુર્ઘટનામાં દાઝી ગયેલા તમામ પાંચ વ્યક્તિઓને તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. હાલમાં પોલીસ દ્વારા અકસ્માતે આગ લાગવાનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરવામાં આવી છે.

**ખુશી** સંવેદનશીલતા અને શક્તિનું ઉદાહરણ : અન્નનળી અને શ્વાસનળી જોડાયેલી હોવાની જટિલ સર્જરી 24 દિવસના સંઘર્ષ બાદ સફળતા

# SSG હોસ્પિટલે નવજાત શિશુને આપ્યું પુનર્જન્મ

(પ્રતિનિધિ), વડોદરા. તા.16
કહેવાય છે કે ધરતી પર ડોક્ટર ભગવાનનું રૂપ હોય છે, આ ઉક્તિને વડોદરાની સયાજી હોસ્પિટલ (SSG) ના નિષ્ણાત તબીબોએ ફરી એકવાર સાર્થક કરી બતાવી છે. પંચમહાલના એક ગરીબ પરિવારના 2.600 કિલો વજન ધરાવતા નવજાત શિશુને અત્યંત દુર્લભ અને જીવલેણ જન્મજાત ખામીમાંથી મુક્ત કરી, તબીબોની ટીમે માનવતા અને વિજ્ઞાનનો અદભૂત સમન્વય સર્જ્યો છે. પંચમહાલ જિલ્લાના ગોધરાના વતની કલ્પનાબેન અને કલ્પેશભાઈના ઘરે પારણું બંધાયું ત્યારે ખુશીનો માહોલ હતો, પરંતુ આ ખુશી લાંબો સમય ટકી નહીં. જન્મના ગણતરીના કલાકોમાં જ બાળકની તબિયત લથડી. તપાસમાં બહાર આવ્યું કે બાળક 'ટ્રેકિઓ-ઈસોફેજિયલ ફિસ્ટ્યુલા' (Tracheoesophageal Fistula) નામની ગંભીર બીમારી સાથે જન્મ્યું છે. આ બીમારીમાં બાળકની અન્નનળી અને શ્વાસનળી એકબીજા સાથે જોડાયેલી હોય છે. પરિણામે, બાળક જે પણ દૂધ પીએ તે પેટમાં જવાને બદલે સીધું ફેફસામાં પહોંચે છે. આ સ્થિતિ નવજાત શિશુ માટે પળવારમાં જીવલેણ બની શકે છે. બાળકની નાજુક સ્થિતિ જોઈ તેને તાત્કાલિક ગોધરાથી વડોદરાની SSG હોસ્પિટલના NICU માં રિફર કરવામાં આવ્યું હતું. બાળકને જ્યારે હોસ્પિટલ લાવવામાં આવ્યું ત્યારે તેની ઉંમર માત્ર 11 કલાકની હતી. SSG હોસ્પિટલના બાળરોગ અને સર્જરી વિભાગના તબીબોએ સહેજ પણ વિલંબ કર્યા વગર કાર્ય શરૂ કર્યું. બીજા જ દિવસે ઓપરેશન ટેબલ પર માસૂમ જીવને લેવામાં આવ્યો. બાળકનું ઓછું વજન અને શરીરમાં ફેલાઈ રહેલા ઈન્ફેક્શનના જોખમ વચ્ચે અન્નનળી અને શ્વાસનળીના જોડાણને અલગ કરી તેને યોગ્ય સ્થાને જોડવું એ સોયના નાકામાંથી પસાર થવા જેવું અઘરું કામ હતું. સફળ સર્જરી બાદ અસલી કસોટી શરૂ થઈ. બાળકને સતત 10 દિવસ સુધી મિકેનિકલ વેન્ટિલેટર પર રાખવામાં આવ્યું.
સર્જરીના થોડા દિવસો બાદ 'ડાઈ સ્ટડી' (X-ray test) કરવામાં આવ્યો, જેમાં અન્નનળીનું જોડાણ સફળતાપૂર્વક પૂરું થયાની ખાતરી થઈ. આખરે 24 દિવસની લાંબી લડત બાદ બાળક સંપૂર્ણ સ્વસ્થ થયું છે. આજે તે પોતાની માતાનું દૂધ લઈ રહ્યું છે અને તેના વજનમાં પણ નોંધપાત્ર સુધારો જોવા મળ્યો છે.



**તબીબો અને સ્ટાફનો આજીવન ઋણી છે**

ખાનગી હોસ્પિટલમાં લાખોનો ખર્ચ હતો, પણ સયાજી હોસ્પિટલના ડોક્ટરોએ મારા બાળકને પોતાના બાળકની જેમ સાચવીને નવું જીવન આપ્યું છે. અહીંના સ્ટાફની સેવા અને નિષ્ઠા જોઈને અમને સરકારી તંત્ર પર ગર્વ થાય છે. સરકારી હોસ્પિટલના તબીબો અને સ્ટાફ દ્વારા જે રીતે અંગત કાળજી રાખવામાં આવી છે, તે બદલ હું આજીવન તેમનો ઋણી રહીશ. **કલ્પેશભાઈ** (બાળકના પિતા)

આ પ્રકારની સર્જરી અને 24 દિવસની હાઈ-ટેક NICU સારવારનો ખર્ચ જો ખાનગી હોસ્પિટલમાં કરાવવામાં આવે તો અંદાજે 5 થી 7 લાખ જેટલો થાય છે.
ગરીબ અને મધ્યમ વર્ગના પરિવાર માટે આ રકમ આભ ફાટવા જેવી હોય છે. પરંતુ સયાજી હોસ્પિટલે આ તમામ સુવિધા તદ્દન વિનામૂલ્યે પૂરી પાડી હતી. એટલું જ નહીં, બાળકની માતાને રહેવા અને જમવાની પણ વ્યવસ્થા હોસ્પિટલ દ્વારા કરવામાં આવી હતી.

વડોદરા જિલ્લા તંત્રની લાલ આંખ : પુરવઠા અને પોલીસની સંયુક્ત તપાસ

# ગોડાઉનથી ગેરકાયદે ગેસ સિલિન્ડરનું વેચાણ કરતી ગાયત્રી ગેસ એજન્સી

(પ્રતિનિધિ), વડોદરા. તા.16
વર્તમાન પરિસ્થિતિનો ગેરલાભ ઉઠાવી ગેસ સિલિન્ડરના કાળાબજાર અથવા અનધિકૃત વેચાણ કરતા તત્વો સામે વડોદરા જિલ્લા પ્રશાસને ઝુંબેશ છેડી છે. વાઘોડિયા રોડ પર આવેલી 'ગાયત્રી ગેસ એજન્સી' દ્વારા નિયમોની ઐસીતૈસી કરીને સીધેસીધું ગોડાઉન પરથી જ ગેસ સિલિન્ડરનું વેચાણ કરવામાં આવતું હોવાનું બહાર આવતા પુરવઠા વિભાગે કડક કાર્યવાહી હાથ ધરી છે. જિલ્લામાં રાંધણ ગેસનો પુરવઠો જળવાઈ રહે અને નાગરિકોમાં ખોટો ભય (Panic) ન ફેલાય તે હેતુથી કલેક્ટરના માર્ગદર્શન હેઠળ પુરવઠા વિભાગ, રેવન્યુ અને પોલીસ વિભાગની એક સ્પેશિયલ ટીમ બનાવવામાં આવી છે. આ ટીમ દ્વારા ખાનગી અને સરકારી




ગેસ એજન્સીઓ પર દૈનિક ધોરણે તપાસ કરવામાં આવી રહી છે. જે અંતર્ગત આજે ગાયત્રી ગેસ એજન્સીના ગોડાઉન પર તપાસ કરતા ત્યાં ગેરકાયદેસર રીતે સ્થળ પર જ ગેસ વિતરણ થતું હોવાનું માલુમ પડ્યું હતું. સામાન્ય રીતે ગેસ એજન્સીઓએ ગ્રાહકોના ઘરે જઈને ડિલિવરી આપવાની હોય છે, પરંતુ ગાયત્રી ગેસ એજન્સી ખાતે ગ્રાહકોને રૂબરૂ બોલાવી ગોડાઉન પરથી જ હાથોહાથ સિલિન્ડર પકડાવી દેવામાં આવતા હતા. આ પ્રક્રિયા સુરક્ષાના નિયમોનો ભંગ હોવાની સાથે સાથે બજારમાં કૃત્રિમ અછત અને અફવાઓ ફેલાવવાનું કારણ બને છે. તપાસ ટીમે તાત્કાલિક અસરથી સ્થળ પર પંચનામું કરી કાયદેસરની કાર્યવાહી તેજ કરી છે. વડોદરા જિલ્લા તંત્રએ તમામ ગેસ એજન્સીઓને ચેતવણી આપી છે કે પુરવઠા વ્યવસ્થામાં કોઈપણ પ્રકારની ક્ષતિ કે ગેરરીતિ ચલાવી લેવામાં આવશે નહીં. જે એજન્સીઓ હોમ ડિલિવરીમાં આળસ કરશે કે ગોડાઉન પરથી છૂટક વેચાણ કરશે તેમની સામે ફોજદારી ગુનો નોંધવા સુધીની તૈયારી તંત્રએ બતાવી છે. આ કાર્યવાહીથી ગેસ માફિયાઓ અને નિયમોનું ઉલ્લંઘન કરતી એજન્સીઓમાં ફફડાટ વ્યાપી ગયો છે. તંત્ર દ્વારા નાગરિકોને ખાતરી આપવામાં આવી છે કે જિલ્લામાં ગેસનો પૂરતો જથ્થો ઉપલબ્ધ છે, માત્ર સહકાર અને જાગૃતિની જરૂર છે.